# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રધાનમંત્રીનો 11 વર્ષનો કાર્યકાળ 140 કરોડ દેશવાસી માટે વિકાસનો દાયકો બન્યો
2. ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી થઇ- આવતીકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ
3. કેન્દ્ર સરકારની 11 વર્ષની સિદ્ધિઓ વર્ણવા કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાની અધ્યક્ષતામાં સેલવાસ ખાતે"સુશાસન કાર્યક્રમ" યોજાયો
4. અમદાવાદમાં યોજાનારી રથયાત્રાને લઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ
5. ભાવનગરમાં રાજ્યકક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં આજે ક્વાર્ટર ફાઇનલ રમાશે.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BJP PRESS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સૌથી વધુ રોજગારી આપતુ રાજ્ય બન્યુ છે. NDAની કેન્દ્ર સરકારના 11 વર્ષ પૂર્ણ થવા અંગે ગાંધીનગર કમલમ ખાતે યોજાયેલી ભાજપની પત્રકાર પરિષદમાં શ્રી પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રીનો 11 વર્ષનો કાર્યકાળ 140 કરોડ દેશવાસી માટે વિકાસનો દાયકો બન્યો છે. રાજ્યમાં આજે દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે, તેમ પમ તેમણે કહ્યું હતું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે કહ્યું, 25 કરોડ લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર ગરીબી રેખાથી બહાર લાવવા સફળ થઇ છે. શ્રી પાટીલે જણાવ્યું ઓપરેશન સિંદુર થકી ભારતે વિશ્વને સંદેશ આપ્યો છે કે ભારત ફકત વિકસિત નથી થયુ પરંતુ ભારત સ્વતંત્ર રીતે પોતાનો બચાવ કરવા પોતાના જ દેશમાં નિર્માણ થયેલા શસ્ત્રો સાથે દુશ્મનોને જવાબ આપી શકે છે.

આ કાર્યક્રમમાં 11 વર્ષના કાર્યકાળના હિસાબની માહિતી આપવામાં આવી હતી. પત્રકાર પરિષદ બાદ સંકલ્પથી સિદ્ધી અંતર્ગત 11 વર્ષના કાર્યકાળની ઝાંખી દર્શાવતી પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરાયું હતું.

. . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી. આ તરફ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં બે ગ્રામ પંચાયત સમરસ થઈ છે. અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે જામાના મુવાડા અને તરાળના મુવાડા ગ્રામ પંચાયત સમરસ જાહેર થઈ છે. દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં 614 ગ્રામ પંચાયત અને 405 સરપંચની બેઠકો સામે એક હજાર 927 સરપંચ પદ ઉમેદવારી પત્રો ભરાયા જ્યારે 3 હજાર 570 વોર્ડના સભ્યોની બેઠકો સામે 5 હજાર 5 ઉમેદવારી પત્રો ભરાયા છે. 614 ગ્રામ પંચાયત પૈકી 385 ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન કે મધ્ય સત્રની ચૂંટણીઓ તથા 229 ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાશે. દરમિયાન દાંતા તાલુકામાં 39 ગ્રામ પંચાયતોની ચૂંટણી પ્રક્રિયામાં કામગીરી કરનાર 500 થી વધુ મતદાન કર્મચારીને આજે તાલીમ આપવામાં આવી. આ અંગે નાયબ મદદનીશ ચૂંટણી અધિકારી, વિજયસિંહ ચાવડાએ વધુ માહિતી આપી.

**(બાઇટ: વિજયસિંહ ચાવડા, નાયબ મદદનીશ ચૂંટણી અધિકારી)**

દરમિયાન, મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાની 14 જ્યારે વિજાપુર તાલુકાની 15 ગ્રામ પંચાયતો સમરસ બની છે. જેમાં વિસનગરમાં બાસના ગ્રામ પંચાયત સંપૂર્ણ મહિલા શાસિત બની છે.

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગોલા ગામડી ગ્રામ પંચાયત તેમજ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની ફતેપુરા, રૂપનગર, માનપુર, છાપરિયા સહિતની ગ્રામ પંચાયત સમરસ જાહેર થઈ છે.

ઉલ્લેખનીય છે આવતીકાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NIMUBEN BAMBHNIYA - SELVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસ ખાતે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાના વડપણ હેઠળ "સુશાસન કાર્યક્રમ" યોજાયો હતો.આ તકે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે, સરકારની

દરેક યોજનાનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચવો જોઈએ, જેથી તેમની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો થઈ શકે અને તેઓ ગરીબી રેખા ઉપર આવી શકે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને નાગરિકોને ઘરબેઠા સરકારી સેવાઓ મળી રહે તે દિશામાં સરકાર કટિબદ્ધ છે.

( BYTE - **NIMUBEN BAMBHNIYA)**

આ કાર્યક્રમમાં સરકારી વિભાગો દ્વારા સ્ટોલ લગાવીને નાગરિકોને પ્રધાનમંત્રી આવાસ યોજના, જન ધન યોજના, આયુષ્માન ભારત યોજના, સ્વચ્છ ભારત અભિયાન વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.અને ઘણા નાગરિકોને સ્થળ પર જ યોજનાઓનો લાભ લેવામાં મદદ કરવામાં આવી હતી.

. . . . . . . . . . .

# MEDIA DELEGATION GUJARAT VISIT

કેન્દ્ર સરકારના 11 વર્ષેની સિદ્ધિ અંતર્ગત દિલ્હીથી મીડિયા પ્રતિનિધિમંડળ ગુજરાતની મુલાકાતે છે.  આ પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી. જેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતેથી કરાતી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અંગે વિભાગના અગ્ર સચિવ રમેશચંદ મીનાએ વધુ માહિતી આપી.

(બાઇટ: રમેશચંદ મીના ,અગ્ર સચિવ)

આવતીકાલે આ પ્રતિનિધિ મંડળ વડોદરા જિલ્લાના કાયાવરોહણ ગામની મુલાકાત લેશે.

. . . . . . . . . . .

# CORONA

કોરોનાના સંક્રમણને અટકાવવા રાજ્યમાં આરોગ્ય અધિકારી અને કર્મચારીઓ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સાથે નાગરિકોને સાવચેતી રાખવા પણ જણાવવામાં આવી રહ્યું છે. ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીએ પણ લોકોને સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

(બાઈટ : આર.કે.સિન્હા, આરોગ્ય અધિકારી)

અમદાવાદમાં એક જ દિવસમાં 175 જેટલા કોરોનાના કેસો નોંધાયા છે, જ્યારે 60 જેટલા લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અમદાવાદમાં અત્યાર સુધીમાં કુલ 1091 જેટલા કેસો નોંધાય છે જેમાંથી 761 જેટલા એક્ટિવ કેસ છે અત્યાર સુધીમાં 328 જેટલા લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# HARSH SANGHVI MEET

અમદાવાદના યોજાનારી રથયાત્રાને લઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશનર, ગુના શાખા, વિશેષ શાખા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . .

## JALYATRA

અમદાવાદના ભગવાન જગન્નાથ મંદિરમાં યોજાનાર રથયાત્રા પહેલા આવતીકાલે જળ યાત્રા મહોત્સવ યોજાશે. ત્યારે આ જળયાત્રા પહેલા આજે ચકાસણીના ભાગરૂપે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોકડ્રીલ યોજાઇ હતી. આ અંગે ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગરેએ જણાવ્યું કે આ મોકડ્રિલ આવતીકાલે નિર્ધારિત જળ યાત્રા પહેલા તૈયારીઓનું મૂલ્યાંકન કરવાનો અને કોઈપણ ખામીઓને ઓળખવાના ઉદ્દેશથી યોજાઇ હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં 27મી જૂને અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળશે. ભગવાન જગન્નાથ તેમના ભાઈ અને બહેન સાથે નગર ભ્રમણ પર જશે.

. . . . . . . . . . .

## DWARKA TEMPLE TIME

દેવભૂમિદ્વારકા જિલ્લાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં આવતીકાલે પૂનમ નિમિત્તે જળયાત્રા ઉત્સવને લઈ મંદિરમાં શ્રીજીના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યે મંગળા આરતી, સવારે છ-થી આઠ વાગ્યા સુધી મંગળા દર્શન, સવારે આઠ-થી નવ વાગ્યા સુધી શ્રીજીને ખૂલ્લા પડદે સ્નાન કરાવાશે. ત્યારબાદ બપોરે એક-થી પાંચ

વાગ્યા સુધી દર્શન બંધ રહેશે. ને સાંજે પાંચ વાગ્યે ઉત્થાપન દર્શન થઈ શકશે. ઉપરાંત સાંજે પાંચ-થી સાડા નવ વાગ્યા સુધી જળયાત્રા ઉત્સવ ઉજવાશે અને રાત્રે સાડા નવ વાગ્યે દર્શન બંધ થશે.

. . . . . . . . . . .

## BHAVNAGAR TABLE TENNIS

ભાવનગરમાં રાજ્યકક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં આજે ક્વાર્ટર ફાઇનલ રમાશે. શહેરના સિદસર રોડ પર SAG સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગુજરાત સ્ટેટ રેન્કિંગ બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલ રમાશે.

અગાઉ, છોકરાઓની અંડર-19 બેડમિન્ટન સ્પર્ધામાં, સુરતના પ્રિન્સ મિશ્રાએ અમરેલીના શિવાંશ પંડ્યાને હરાવ્યા, અમદાવાદના રોટ્રિકે વિવાન ગુપ્તાને હરાવી અપસેટ સર્જ્યો હતો. છોકરીઓની અંડર-19 માં, ટોચના ક્રમાંકિત ખેલાડીઓ અનેરી કોટક, સોનાગલા, આર્ચી, સ્વરા, રેની પરમાર, આયર્તિ દુબે, શ્રુતવંશી, કાવ્યા આગળ વધ્યા હતા.

. . . . . . . . . . .

## DEMOLATION - AHMEDABAD

અમદાવાદના જુહાપુરામાં આજે  મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અનેક ગુનામાં સંડોવાયેલ આરોપીના ગેરકાયદેસર બાંધકામો ઉપર બુલડોઝર

ફરાવવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પ્રકારના બાંધકામમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી છે.

. . . . . . . . . . .

## EXTRA BUS

રાજ્યમાં આગામી 15 જૂને યોજાનારી લોકરક્ષક દળની પરીક્ષા માટે વધારાની S.T. બસનું સંચાલન કરાશે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું, ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં પરીક્ષા કેન્દ્ર પર આ પરીક્ષા યોજાશે. પરીક્ષા આપનારા બે લાખ 48 હજાર જેટલા ઉમેદવારો માટે વધારાની બસ દોડાવાશે.

. . . . . . . . . . .

## NARMADA KHEDUT TALIM

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના ફૂલવાડી ગામમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત ખેડૂતો માટે વિશેષ તાલીમ શિબિરનું યોજાઇ.

આ તાલીમમાં ફૂલવાડી, ગંભીરપુરા અને સુરજવડ ગામના કુલ 300 જેટલા ખેડૂતોએ લાભ લીધો હતો. તાલીમ દરમિયાન ખેડૂતોને સરકારની ખેડૂતલક્ષી સહાય યોજનાઓ, ખરીફ પાકોની નવી જાતો અને નવીન ખેતી ટેક્નોલોજી, સોઈલ હેલ્થ કાર્ડના ફાયદા, પાકોના મૂલ્યવૃદ્ધિના માધ્યમથી વધુ આવક મેળવવી, પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો, કેળાની વૈજ્ઞાનિક ખેતી તથા કેળામાંથી બનતી અનેક બનાવટો પર માર્ગદર્શન અપાયું હતું.

. . . . . . . . . . .